بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

کرونا وائرس کی وبا اور قومِ مسلم

# કોરોના વાયરસની વબા

# અને

# મુસ્લિમ કૌમ

અઝ


**અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી** دام ظلہ العالی

(સેક્રેટરી જનરલ : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)


અનુવાદક


**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)


પ્રકાશક


GRWB/059/Bharuch/02

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦,

તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net | Email :anjuman2006@hotmail.com

Mo. 9427464411 (PhonePe/Paytm/Google Pay)

Bank Details

Bank of Baroda (Dayadra branch)

A/c. No. 34620100000303, Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

પ્રકાશન નં.: ૨૫૫ આવૃત્તિ–૨ પ્રત: ૨૫૦૦

૦૭ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૨ ઓગસ્ટ–૨૦૨૦

## નબી ﷺ કી રહ ગુઝર હૈ ઔર મૈં હૂં

:: અઝ ::

*મુફક્કિરે ઈસ્લામ* **હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી** مدظلہ العالی

*(સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)*

નબી ﷺ કી રહ ગુઝર હૈ ઔર મૈં હૂં — મુકદ્દર ઓજ પર હૈ ઔર મૈં હૂં
*(ઓજ = બુલંદી)*

કહાં મૈં ઔર કહાં સરકારે (ﷺ) આલી — કરમ ફર્મા નઝર હૈ ઔર મૈં હૂં

તલબ સે ભી સિવા મુઝ કો મિલેગા — ખુલા બાબે અષર હૈ ઔર મૈં હૂં

મદીના મહ્બતે અન્વારે રબ હૈ — મુનવ્વર બામો દર હૈ ઔર મૈં હૂં
*(મહ્બત = તરવાની જગા)* *(બામો દર = દરવાજા તથા દીવાલો)*

ફિરાઝે અર્શ કી હમ સાઈગી હૈ — કે શહરે મોઅત્તર હૈ ઔર મૈં હૂં
*(ફિરાઝ = બુલંદી)*

જહાને કુદ્દસ ઉતરા હૈ ઝમીં પર — ફરિશ્તા હમ સફર હૈ ઔર મૈં હૂં
*(કુદ્દસ = ફરિશ્તા)*

ન છૂટે તાકયામત યા ઈલાહી — નબી કા સંગે દર હૈ ઔર મૈં હૂં

સરે મિઝગાં સિતારે ઝિલ મિલાયે — નદામત ચશ્મે તર હૈ ઔર મૈં હૂં
*(સરે મિઝગાં = પાપણના છેડે)* *(નદામત = શરમિંદગી)*

નહીં હૈ ખૌફ મંઝિલ ના રસીકા — મહબ્બત રાહબર હૈ ઔર મૈં હૂં
*(ના રસી = ન પહોંચવુ)*

મેરી મંઝિલ હૈ ઉન્કા આસ્તાના — મુસલસલ ઈક સફર હૈ ઔર મૈં હૂં

રહે તયબહ મેં *શાકિર* કહ રહે થે — કે *રિઝવાં* હૈ **'કમર'** હૈ ઔર મૈં હૂં

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

કોરોના વાયરસની વબા આજકાલ પૂરી દુનિયાને પોતાની લપેટમાં લઈ ચૂકી છે. અત્યાર સુધીમાં દુનિયાના ૨૦૦થી અધિક દેશો આ તબાહ કરનાર વબાની ભયાનકતાનો શિકાર બની ચૂકી છે. ચીનથી આ વબાની શરૂઆત થઈ અને જોતજોતામાં દુનિયાના તમામ ખંડોના શહેરો, કસ્બાઓ તથા ગામડાંઓમાં દરેક જગાએ પોતાનો પંજો જમાવી ચૂકી છે. બુધ્ધિશાળીઓ આશ્ચર્યમાં છે, વૈજ્ઞાનિકો લાચાર છે અને સત્તાધારીઓ ભયમાં સપડાયેલા છે. દુનિયાની મજબૂર અને કમજોર ક઼ૌમોને ક઼ૈદ કરનારા, તેમને શહેરો તથા આબાદીઓથી કાઢીને સમુદ્રોના કિનારાઓ, જંગલો અને ભયંકર ટાપુઓમાં બેબસીની તસ્વીર બનાવનારા આજે ખુદ એ જ કૈફિયતો (હાલતો)થી ભેટી ચૂક્યા છે.

બ્રિટનના વડા પ્રધાનનો એ કટાક્ષ કે મુસ્લિમ છોકરીઓનો નિક઼ાબ લેટર બોક્સ જણાય છે ! આજે તેણે જ પૂરી ક઼ૌમને તે જ લેટર બોક્સ પહેરવા ! મજબૂર કરી રહેલ છે ! અને પોતે જ બીમાર થઈને તંદુરસ્ત થવાની રાહ જોઈ રહેલ છે. દરેક શખ્સ ક્યાં તો ખુદ હિફ઼ાઝતીના હેઠળ ઘરોમાં ક઼ૈદ છે અથવા ક઼ાનૂનના બળે તેને નજર કેદ

કરી રાખ્યો છે. સડકો સુમસામ, આબાદીઓ વેરાન અને બ્રિટનના ઈન્ટરનેશનલ સ્ટોરો જે બીજા વિશ્વયુદ્ધ વખતે પણ બંધ ન થયા હતા તેમને આજે તાળાં લાગી ગયાં છે ! તમામ હરવા ફરવાના સ્થળો સુનસાન (નિર્જન) છે. સમુદ્રના કિનારાઓ અને રમત ગમતના સ્ટેડિયમ વેરાન છે. દરિયા કિનારાઓ (ચોપાટીઓ), કલબો તથા ડાન્સ ઘરોમાં માલદાર ઘરાનાના પ્યાસા લોકોની નગ્નતાના દશ્યો ખત્મ થઈ ચૂક્યાં છે. દુનિયાના વડા પ્રધાનો, પ્રમુખો તથા ચાન્સેલરો ટી.વી. તથા મીડિયાના અન્ય માધ્યમો થકી પબ્લિકને ઘરોમાં બંધ રહેવાની સૂચના આપી રહ્યા છે.

કેટલાય દેશોમાં પોલીસ તથા ફોજ લોકોની ધરપકડ કરી રહી છે, કેટલાક સ્થળે પોલીસની સખ્તીથી લોકો મૌતને ભેટી ચૂક્યા છે. લોકડાઉનના માહોલમાં ભૂખના માર્યા મજબૂર થઈને મોટા મોટા શહેરોના લોકો કેટલાક સેંકડો માઈલોની મુસાફરી પગપાળા કરીને પોતાના ઘરોની તરફ જનારા આ સામૂહિક સફરમાં ક્યાં તો કોરોનાના શિકાર થશે અથવા કેટલાક લોકો ભૂખથી મરી જશે. **ખભાઓ પર પોતાના નાનાં બાળકોનો બોજ ઉઠાવીને અને પોતાની પીઠ પર પોતાની અપંગ પત્ની અથવા માને લાદીને ઘરો તરફ જનારાઓ તે સત્તાધારીઓની આંખો ખોલી દેવા માટે પૂરતા છે જેમણે હમણા નજીકના ભૂતકાળમાં બર્માના હિજરતીઓને સફર કરતા જોયા છે, પણ કેમ કે તેઓ મુસલમાન હતા એટલા માટે કોઈ પણ દેશ તેમની મદદ માટે ન પહોંચ્યો.**

લોકડાઉનની પીડાથી તડપતા લોકો કાશ ! એ મજબૂર દેશોના

બારામાં વિચારી શકે જેમને શક્તિશાળી ક઼ૌમોએ પોતાની સત્તા લાલસાની પ્યાસ બુઝાવવા માટે મુદ્દતોથી લોકડાઉનની દર્દનાક સ્થિતિમાં ઘેરેલા છે.

૨૧મી સદીની શરૂઆતની સાથે ન્યુ વર્લ્ડ ઓર્ડરના થકી દુનિયાનો રાજનૈતિક, આર્થિક તથા ભૌગોલિક નક્શો તબદીલ કરનારાઓ આજે પોતાના અંજામથી ભયભીત છે. આલમગીરિયત (ગ્લોબલાઈઝેશન)નો નારો મારનારાઓ પાસે આ વિશ્વ વ્યાપી વબાનો હાલમાં કોઈ ઈલાજ નથી.

કાશ ! દુનિયાના સત્તાધારીઓ એ મઝલૂમ ક઼ૌમોના બારામાં વિચારતા જેઓ એક વિશ્વવ્યાપી ષડયંત્ર હેઠળ લાગુ કરેલ જંગોના કારણે મૌત, ભૂખ, બીમારી, દર બદર ભટકાવાનો અને બેવતનીનો શિકાર થઈ ગઈ. જેમના દેશો તથા શહેરોને "તોરા બોરા"માં તબદીલ કરી નાખવામાં આવેલ છે. ઈરાક઼, લીબિયા, શામ (સીરિયા), પેલેસ્ટાઈન, બોસ્નિયાની ખોફનાક જંગો કહેવાતી પ્રગતિ પામેલ ક઼ૌમોની સામે છે. પણ દુનિયાભરના મઝલૂમોના હક્ક઼માં ક્યાંયથી કોઈ અવાજ બુલંદ થતો નજર નથી આવી રહ્યો. માનવ અધિકારની સંસ્થાઓ, ઓ.આઈ.સી. વગેરે ખામોશ પ્રેક્ષક છે ! અથવા જાલિમોની તરફદારી કરતી જોવા મળે છે. **આ સંજોગોમાં નિર્દોષ મઝલૂમોની આહોએ બાબે ઈજાબતે ઈલાહીને દસ્તક આપી જેના જવાબમાં મશિય્યતે આજના નમરૂદો તથા ફિરઔનોને મચ્છરોથી અધિક બારિક અને ગૈર મહેસૂસ વાઈરસના થકી અઝાબમાં સપડાવી દીધા છે.** કાશ ! કોરોનાના વાયરસ દુનિયાના જાલિમોની આંખો ખોલી

નાખે અને તેમને એહસાસ થઈ જાય કે આ તેમના જુલ્મોની સજા છે.

بترس از آہ مظلوماں کہ ہنگام دعا کردن
اجابت از در حق بہر استقبال می آید

**(ભાવાર્થ)** : ''મઝલૂમોની આહથી ડર ! દુઆ કરવાના સાથે જ અલ્લાહના દરબારથી કૂબૂલિયત તેના સ્વાગત માટે આવે છે.''

*કરીબ આયા હૈ રોઝે મેહશર, છુપેગા કશ્તિયોં કા ખૂન ક્યૂં કર*
*જો ચુપ રહેગી ઝબાન, ખંજરે લહૂ પકારેગા આસ્તીન કા*

વર્તમાનકાળના ફિરઔનોએ મુસ્લિમ દેશોમાં આતંકવાદની ખેતી કરી, અને તેમને સહાબાએ કિરામ જેવાં નામો આપ્યાં. પ્રથમ તેમને 'મુજાહિદીન'નું નામ આપવામાં આવ્યું. પણ અફઘાનિસ્તાનમાં રશિયાની હાર પછી તેમને 'આતંકવાદી' કહેવાનું શરૂ થયું. અને પછી પૂરા ઈસ્લામી જગતને આતંકવાદીના નામ પર મિટાવવાની કોશિશ કરવામાં આવી.

મઆઝલ્લાહ ! કુર્આને અઝીમને આતંકવાદની કિતાબ, પયગંબરે ઈસ્લામ ﷺને આતંકવાદીઓના પયગંબર અને ઈસ્લામને આતંકવાદનો ધર્મ ઠરાવવામાં આવ્યો, અને પોતાના પાળેલા મીડિયા થકી એનો એટલા પ્રમાણમાં પ્રોપેગન્ડો (દુષ્પ્રચાર) કરવામાં આવ્યો કે દુનિયાના આ સૌથી મહાન જૂઠને સત્ય સમજી લેવામાં આવ્યું, અને યકીન કરી લેવામાં આવ્યું કે મુસલમાનો અને મુસ્લિમ દેશોની સાથે જે થઈ રહ્યું છે તેઓ એને લાયક જ છે ! આજે પણ વધી રહેલ ઈસ્લામોફોબિયા અને તેના થકી પેદા કરવામાં આવેલી નફરતના

પરિણામે કોઈ સમયે પણ દુનિયામાં બોસ્નિયા જેવી ટ્રેજડી (દર્દનાક બનાવ) જન્મ લઈ શકે છે. અરબ દેશોએ પશ્ચિમના આંધળા અનુકરણમાં પોતાની તૂટી રહેલી આર્થિક સ્થિતિ સીનેમા ઘરો, હોટલો, કલબો અને શરાબખાનાના કલ્ચરને રિવાજ આપ્યો, ત્યાં સુધી કે કોરોનાના અઝાબથી થોડાક અગાઉ હિજાઝ મુક઼દ્દસનાં કેટલાંક શહેરોમાં નાચગાનની રંગ રાગની મેહફિલો સજાવવી શરૂ થઈ. જિદ્દા કે જ્યાં મુસલમાન એહરામ પહેરીને જાય છે ત્યાં આ જ પ્રકારના સ્ટેજ પ્રોગ્રામો થવા લાગ્યા. છેવટે મશિય્યતને જલાલ આવી ગયો અને રબ્બે કા'બાની નારાઝીનો અંજામ એ થયો કે કા'બા અને મસ્જિદે નબવી અને રોઝએ રસૂલ ﷺનો દરવાજો પણ તેમના માટે બંધ કરી દેવામાં આવ્યો. ખુદા પાક આ સત્તાધારીઓને તૌબાની તૌફીક઼ અતા ફર્માવે જેથી હરમૈનની રોનકો ફરીથી યથાવત થાય.

પાછલા દિવસોમાં કોરોના અઝાબના પ્રવેશ થવાના થોડાક પહેલાં મુસ્લિમ દેશની આવારા છોકરીઓએ એક જુલૂસ કાઢયું, જેમાં એવો નારો લગાડયો કે "અમારું શરીર અમારી મરજી !" એટલે કે એના પર અમારાં બાપ કે કોઈ મઝહબે પાબંદી લગાડવાનો કોઈ હક્ક઼ નથી. અમે જેવી રીતે ફાવે જિંદગી ગુજારીએ, અમને અમારા પર આ રીતની કોઈ પાબંદી મંજૂર નથી. એ તો ખૈર કે એ જ દેશની બાગૈરત, ઈજ્જતવાળી અને ઈસ્લામ પસંદ બચ્ચીઓએ એનાથી મોટુ જુલૂસ કાઢીને તેમના વિચારોનો રદિયો આપી દીધો, અને પોતાની દીની તથા કૌમી ગૈરતની સાબિતી આપી દીધી. મેં પણ બયાનોમાં તે આબરૂ વિનાની સ્ત્રીઓને રદીયો આપ્યો અને એ સ્પષ્ટ કર્યું કે આ શરીર તમારું

નથી, તમારા પરવરદિગારનું પેદા કરેલું છે, અને તમારાં મા, બાપ આ અલ્લાહના સર્જનના ઝરીયા છે. એટલા માટે તમારા પર સૌ પ્રથમ અલ્લાહનો હક્ક઼ છે અને ત્યાર બાદ તમારાં મા, બાપનો પણ હક્ક છે.

કુદરતી આફતો તથા બલાઓનો નુઝૂલ પહેલાં પણ થતો હતો, પણ કોઈ એક દેશ અથવા કોઈ એક શહેરમાં થતો. ભૂતકાળમાં ક઼ૌમે આદ, ક઼ૌમે ષમૂદ, ફિરઔન તથા નમરૂદની ક઼ૌમો અને ત્યાર બાદ પણ વિવિધ ક઼ૌમો પર અઝાબ આવતા રહ્યા છે. હઝરત શયખ સઅદી رحمۃ اللہ علیہના જમાનામાં દમિશ્ક દુકાળનો શિકાર બન્યુ અને લાખો લોકો મૌતના ભેટ ચઢી ગયા. શયખ સઅદીએ તેનો નક઼શો ખેંચ્યો છે :–

چناں قحط سالے شد اندر دمشق ۔کہ یاراں فراموش کردند عشق

**(ભાવાર્થ)** : "દમિશ્કમાં એક વરસ એવો દુકાળ પડયો કે યાર લોકો ઈશ્ક઼ ભૂલી ગયા."

પરંતુ એ કેવળ મુલ્કે શામ (સીરિયા) અને ખાસ કરીને દમિશ્ક સુધી સીમિત હતો. પણ ગ્લોબલાઈઝેશનના આ દૌરમાં કોરોનાએ પણ ગ્લોબલાઈઝેશનનો ઓળો ઓઢી લીધો છે, જો ખુદા ન ખ્વાસ્તા કોરોનાનો ક્રમ લંબાયો તો દુનિયામાં પ્રથમ તથા બીજા વિશ્વ યુદ્ધથી વધુ તબાહકારીઓ તથા આર્થિક બર્બાદીઓ અસ્તિત્વ પામશે.

અસલમાં કોરોનાની આ વિશ્વવ્યાપી વબા દુનિયાના જાલિમોને ખબરદાર કરવા માટે છે કે તેઓ જુલ્મથી દૂર થઈ જાય, અને મઝલૂમ ક઼ૌમો પર જુલ્મો સિતમના અધિક પહાડો ન તોડે અને દુનિયામાં હક઼ીક઼ી અમ્ન સ્થાપવાની કોશિશો કરે, નહીં તો જાણી લે કે તેઓ એ કહ્હાર

તથા જબ્બાર ઝાતની પકડથી બચી શકશે નહીં જે સર્વ સૃષ્ટિનો ખાલિક઼ (સર્જનહાર) તથા માલિક છે.

આ શક્તિઓ તથા ક઼ૌમોએ દુનિયાને તબાહીના મોઢામાં પહોંચાડી દીધી છે. હાલત એ છે કે જો કોઈ સમયે પણ કોઈ તકસાધુ પાગલની આંગળી એટમ બોમ્બરના બટનને દબાવી દે તો પૂરી દુનિયા ફના થઈ જશે. (العیاذ باللہ)

પણ સવાલ એ પેદા થાય છે કે કોરોનાના અઝાબમાં કેવળ જાલિમ ક઼ૌમ જ સપડાયેલી નથી બલ્કે મઝલૂમ ક઼ૌમો ખાસ કરીને મુસલમાન પણ એનો શિકાર છે. એના અનુસંધાનમાં મારુ માનવું એ છે કે **કોરોના દુનિયાની શક્તિવાન તથા જાલિમ ક઼ૌમો માટે અઝાબ છે, અને દુનિયાના ગુનેહગારો માટે અલ્લાહ પ્રતિ વળવાનો ઝરીયો છે, અને તક઼વાવાળાઓ માટે દરજાઓની બુલંદીનો ઝરીયો છે.**

પ્રથમ સ્થિતિમાં કુર્આને અઝીમની એ સર્વ આયતો સાક્ષી છે જેનો સંબંધ માજી ક઼ૌમોની અઝાબ પામેલી ક઼ૌમોની ખબરથી છે. બીજી સ્થિતિમાં જો તમો મુસ્લિમ ઉમ્મતનું વ્યક્તિગત તથા સામૂહિક રીતે નિરીક્ષણ કરો તો એ હક઼ીક઼તથી આપ ઈન્કાર નહીં કરી શકો કે ઉમ્મતે મુસ્લિમા એક લાંબા કાળથી જુલ્મો સિતમનો શિકાર છે. **આ સંજોગોમાં તો એવું થવું જોઈતુ હતું કે મુસ્લિમ ક઼ૌમ અલ્લાહની તરફ રુજૂઅ કરતી (વળતી), પણ સ્થિતિ એવી છે કે હજારો જુલ્મો સિતમ સહેવા છતાં આ ક઼ૌમની અંદર રુજૂઅ ઈલલ્લાહ (અલ્લાહ પ્રતિ વળવાની) સામૂહિક સમજ જાગૃત નથી થઈ રહી.** ખૌફે

ઈલાહી દિલોએથી નીકળી ચૂક્યો છે અને દરેક મુસીબત પછી મુસલમાનોનાં હાકિમો જાલિમ ક઼ૌમોની પનાહમાં જવા ચાહે છે.

*બુતોંસે તુઝે ઉમ્મીદેં ખુદાસે નવમીદી*
*મુઝે બતા તો સહી ઔર કાફિરી કયા હૈ*

કા'બતુલ્લાહ અને મદીના તયબહના મુતવલ્લી પણ રબ્બે કા'બાની તરફ રુજૂઅ કરવાને બદલે પશ્ચિમની પનાહમાં જવા ચાહે છે. આ સંજોગોમાં તેઓ અલ્લાહની રહમત તથા મદદના મુસ્તહિક઼ કઈ રીતે થઈ શકે છે ?

આક઼ાએ દો જહાં ﷺએ આજથી ચૌદસો વરસો પહેલાં મુસ્લિમ ઉમ્મતને ખબરદાર કરી આપી હતી કે જ્યારે મુસ્લિમ ઉમ્મત ગુનાહોમાં સપડાવા લાગે અને ઈસ્લામી ક઼ાનૂનોનો ભંગ કરવાનું આ ક઼ૌમનો સામૂહિક મિઝાજ બની જાય તો તેના પર આ પ્રકારના અઝાબો આવશે. ઈમામ મુહમ્મદ તથા ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہماએ આ હદીષ નક઼લ કરી છે :–

૦૧. જ્યારે માલે ગનીમત વિના લાયકાતે લોકોમાં વહેંચાવા લાગશે.

૦૨. જ્યારે અમાનતને નફો ખયાલ કરવામાં આવશે.

૦૩. જ્યારે ઈલ્મ કેવળ દુનિયાના માટે હાંસલ કરવામાં આવશે.

૦૪. જ્યારે પુરૂષો પોતાની પત્નીની ઈતાઅત (કહ્યાનુસાર) કરવા લાગશે.

૦૫. જ્યારે પુરૂષ પોતાનાં મા બાપની નાફર્માની અને તેમનાથી સંબંધો કટ કરવા લાગશે.

૦૬. જ્યારે લોકો પોતાના દોસ્તને નજીક અને બાપને દૂર કરવા લાગશે.

૦૭. જ્યારે મસ્જિદોમાં અવાજો મોટા થવા લાગશે.

૦૮. જ્યારે કબીલાની સરદારી ફાસિક લોકોના હાથોમાં રહેશે.

૦૯. જ્યારે કૌમનો સૌથી નીચ શખ્સ તેનો લીડર હશે.

૧૦. જ્યારે માણસ તેની ઈજ્જત તેની બુરાઈના ડરથી કરવા લાગશે.

૧૧. જ્યારે ગાવા વગાડનારાઓ લોકો પર છવાય જશે.

૧૨. જ્યારે આ ઉમ્મતના આખરી લોકો આગલાઓ પર લઅનત કરવા લાગશે.

એ વખતે તમે લાલ આંધી (બોમ્બ ધમાકા વગેરે અથવા આજકાલની જંગો *–આ'ઝમી*), ધરતીકંપ, ધસાવી દેવામાં આવવું, બર્બાદ કરી દેવામાં આવવું, અને હલાકતનો ઈન્તેઝાર કરો. આ સૌ એક પછી એક એવી રીતે થશે જેવી રીતે એક દોરામાં પરોવેલ મણકાઓ એક પછી એક પડવા લાગે છે.

એક અન્ય હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એ વખતે તમારો શો હાલ થશે જ્યારે તમારામાં પાંચ વાતો પેદા થશે, હું અલ્લાહની પનાહ માગુ છું કે તમારામાં આ વાતો જોવા મળે અથવા તમે એ વાતોને પામી શકો.

૦૧. જ્યારે કોઈ કૌમમાં બુરાઈઓ તથા બદ્કારીઓ આમ થઈ જાય અને લોકો તેમાં ઓપનલી પડવા લાગે. તો એ કૌમમાં પ્લેગ અથવા એવી તકલીફો થશે જેનાથી તેમના અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) તદ્દન નાવાકેફ હશે. (દા.ત. એઈડ્ઝ, કોરોના વાયરસ. *–આ'ઝમી*)

**૦૨.** જ્યારે કોઈ કૌમ ઝકાત રોકી દે તો તેના પર આસ્માનની વર્ષા રોકી દેવામાં આવે. અને જો જાનવર ન હોય તો તેમના પર કદી વરસાદ ન વરસે.

**૦૩.** જ્યારે કોઈ કૌમ માપ તોલમાં કમી કરવા (કાંટી મારવા) લાગે તો સૂકો દુકાળ, સખત સંજોગો અને ઉપરથી બાદશાહનો જુલ્મ થશે.

**૦૪.** જ્યારે કોઈ કૌમના અમીરો અલ્લાહની કિતાબની વિરુદ્ધ કરવા લાગશે તો અલ્લાહ તેમના પર દુશ્મનોને સવાર કરી દેશે જેઓ તેમની પાસેથી તેમના ઈખ્તિયારો છીનવી લેશે.

**૦૫.** અને જ્યારે તેઓ કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ ﷺને છોડી દેશે તો એકબીજાને કત્લ કરવા લાગશે.

**આ મુબારક હદીષોની રોશનીમાં તમો જો મુસ્લિમ ઉમ્મતના કિરદારનું નિરીક્ષણ કરો તો જાણવા મળશે કે તે કઈ બુરાઈ છે જે આ કૌમની અંદર મૌજૂદ નથી ?!**

કુર્આને અઝીમનું ફર્માન છે :

وَمَآ اَصَابَكُمۡ مِّنۡ مُّصِيۡبَةٍ فَبِمَا كَسَبَتۡ اَيۡدِيۡكُمۡ وَيَعۡفُوۡا عَنۡ كَثِيۡرٍ

"અને તમને જે મુસીબત પહોંચી તે એના સબબે છે જે તમારા હાથોએ કમાયી અને ઘણુ બધું તો માફ ફર્માવી દે છે."

*(સૂ. શૂરા, આ. ૩૦, કન્ઝુલ ઈમાન)*

**'નમાઝ' જે નજાતની જામિન છે. અફસોસ એનો છે કે લગભગ ૯૦% મુસલમાન નમાઝ નથી પઢતા !** હદીષે પાકમાં સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدْ بَرِئَتْ مِنْهُ ذِمَّةُ اللهِ

**"જે નમાઝને ઈરાદાપૂર્વક છોડશે તેને અલ્લાહના જિમ્મએ કરમથી દૂર કરી દેવામાં આવશે."**

મતલબ કે તે દુનિયાવાળાઓના હવાલે થઈ જશે કે દુનિયાવાળા જે સુલૂક (વર્તાવ) ચાહશે તે તેની સાથે કરશે. 'નમાઝ' મો'મિનની મેઅરાજ છે. અલ્લાહ પ્રતિ રુજૂઅ થવાનો સૌથી મહાન ઝરીયો છે. જો મુસલમાનો ચાહે છે કે તેમને ઉન્નતિ મળે તો તેમણે રુજૂઅ ઈલલ્લાહના નિસાબ પર (અલ્લાહની રાહમાં તૌબા કરી તેની સમક્ષ ઝુકવા પર) અમલ કરવો પડશે.

અંબિયાએ કિરામ તથા ઉમ્મતના સાલેહીનનો એ નિયમ રહ્યો છે કે જ્યારે તેમને કોઈ મુસીબત ખડી થતી તો સૌ પ્રથમ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં સજદામાં પડી જતા અને માલિકે હકીકીની બારગાહમાં અરજ કરતા. આકાએ દો આલમ ﷺ ઘણીવાર મુશ્કેલ સંજોગોમાં પોતાના રબની બારગાહમાં સજદામાં સર રાખીને ખૂબ જ આજીજી તથા રૂદન અને કાકલૂદીની સાથે દુઆ કરતા હતા.

અલ્લામા ઈબ્ને કષીરે "અસ્સીરતુન્નબવિય્યહ"માં સૈયદુલ આલમીન ﷺની તે દુઆ નકલ કરી છે કે જ્યારે આપે તાઈફથી પરત આવતાં ઝખ્મોથી ચૂર ચૂર હાલતમાં એક બાગમાં બે રકાત નમાઝ અદા કર્યા બાદ પોતાની સર્વ પયગબંરાના અઝમતોના હોવા છતાં પોતાના રબની હુઝૂરમાં અતિશય કરગરીને રૂદન સાથે આ શબ્દોમાં દુઆ ફર્માવે છે :–

"હે અલ્લાહ ! હું મારી અશક્તિ અને પોતાની અમલની શક્તિની કમી તથા લોકોના મુક઼ાબલામાં પોતાની બેબસીની ફરિયાદ તારી સમક્ષ પેશ કરું છું. હે અલ્લાહ ! તું અર્હમુર્રાહિમીન છે અને તમામ કમજોરોનો રબ છે અને તું મારો પણ રબ છે. હે અલ્લાહ ! તું મને કોને હવાલે કરે છે ? એવા દૂર રહેલા જેઓ મારી સાથે કટુતાપૂર્વક વર્તે છે ? શું કોઈ દુશ્મનને તેં મારા મામલાનો માલિક બનાવી આપ્યો છે ? જો તું મારાથી નારાજ નથી તો મને આ તકલીફોની પરવા નથી, તેમ છતાં તારો ભલાઈનો દામન મારા માટે ઘણો વિશાળ છે. હું પનાહ લઉં છું તારી જાતના નૂરની જેનાથી અંધકારો રોશન થઈ જાય છે અને દુનિયા તથા આખેરતનાં કામો સંવરી જાય છે. હું તારી પનાહમાં આવું છું એ વાતથી કે તું મારા પર તારો ગઝબ નાઝિલ ફર્માવે અથવા મારા પર તારી નારાઝગી નાઝિલ કરે. તારી જાતના વિના ન મારી પાસે કોઈ શક્તિ છે ન કુવ્વત છે."

ગઝવએ બદરના મૌક઼ા પર પોતાના પાક તંબૂમાં અતિશય ગિર્યાઓ ઝારીની સાથે પૂરી રાત દુઆમાં વ્યસ્ત રહે છે અને ફજર તુલૂઅ થતાં પહેલાં જ્યારે આપના રૂદન તથા આજીજીનો અવાજ તંબૂ મુબારકની બહાર આવે છે તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ જે આપના તંબૂ મુબારકની બહાર પહેરા ભરી રહ્યા હતા તે અંદર હાજર થાય છે અને અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! સર મુબારક ઉઠાવો ! અલ્લાહ પોતાનો વાયદો જરૂર પૂરો ફર્માવશે.

ઉમ્મતની મગફિરતને માટે પૂરી પૂરી રાત સજદામાં પસાર કરતા ત્યાં સુધી કે સવાર તુલૂઅ થઈ જતી અને દાઢી મુબારક આંસુઓથી તર થઈ જતી હતી. આપ અંદાઝો કરો કે તે અઝીમ રસૂલ ﷺ જે સૃષ્ટિના

સર્જનનો સબબ છે, તે અઝીમ રસૂલ ઝુલ જલાલની બારગાહમાં અતિશય દુઃખ તથા પીડાની સાથે દુઆ કરે છે. મુસીબતોમાં દુઆ કરવી એ અંબિયાએ કિરામની મુતવારિષા સુન્નત છે.

કુર્આને અઝીમમાં અંબિયાએ કિરામની દુઆઓ મૌજૂદ છે. તેમને જ્યારે પણ કોઈ મુશ્કેલી ખડી થતી તો ખુદાની બારગાહમાં અરજ કરતા. હઝરત નૂહ علیہ السلام જ્યારે એક લાંબા કાળ સુધી પોતાની કૌમને સીધા માર્ગે લાવવાની કોશિશ કરતા રહ્યા અને તેમની કૌમે જુલ્મોની હદ કરી નાખી. પછી એક એવો સમય આવ્યો કે તેમણે પોતાના રબની હુઝૂરમાં આ શબ્દોમાં દુઆ કરી : اَنِّیْ مَغْلُوْبٌ فَانْتَصِرْ "હું મગ્લૂબ છું તું મારો બદલો લે." *(સૂરએ કમર, આ. ૧૦)*

તેમની દુઆના જવાબમાં નુસ્રતે ઈલાહીએ (અલ્લાહની મદદે) તેમને નવાઝયા અને તુફાને નૂહના થકી જાલિમોને ગર્ક કરી દીધા અને તેમને તથા તેમની સાથેના સર્વ ઈમાનવાળાઓને નજાત અતા કરી.

હઝરત ઐયૂબ علیہ السلام ને જ્યારે કસૌટી તથા આઝમાઈશમાં નાખવામાં આવ્યા અને કેટલાય વરસો સુધી એ સર્વ મુસીબતોને સહન કરતા રહ્યા. તેમના પુત્રોનો ઈન્તેકાલ થઈ ગયો, તેમના બાગો બર્બાદ થઈ ગયા, તેમની કૌમે તેમને આબાદીથી કાઢી મૂક્યા તો તેમણે પોતાના રબની બારગાહમાં આજીજીપૂર્વક અરજ કરી :–

وَاَیُّوْبَ اِذْ نَادٰی رَبَّهٗۤ اَنِّیْ مَسَّنِیَ الضُّرُّ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِیْنَ

"અને ઐયૂબને (યાદ કરો) જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો કે મને તકલીફ પહોંચી અને તું સૌ મહેરવાળાઓથી વધીને મહેરવાળો છે." *(સૂરએ અંબિયા, આ. ૮૩)*

મુસીબત તથા આઝમાઈશનો દૌર ખત્મ થઈ ગયો. તેમને તંદુરસ્તી તથા શક્તિ મળી ગઈ. અલ્લાહે તેમને ઔલાદ તથા બાગોથી નવાઝયા.

હઝરત ઝકરિયા علیہ السلام ઝઈફ તથા કમજોર થઈ ગયા છે અને એ વાતથી પરેશાન રહે છે કે મારા બાદ દીનની દા'વતનું કામ કોણ અંજામ આપશે ? તો તેમણે પોતાના રબની બારગાહમાં દુઆ કરી :

رَبِّ لَا تَذَرۡنِیۡ فَرۡدًا وَّ اَنۡتَ خَیۡرُ الۡوٰرِثِیۡنَ "હે મારા રબ ! મને એકલો ન છોડ અને તું સૌથી બેહતર વારિસ." *(સૂ. અંબિયા, આ. ૮૯, કન્ઝુલ ઈમાન)*

આ અરજના જવાબમાં તેમને ઘડપણ હોવા છતાં જનાબ યહ્યા علیہ السلام જેવા મહાન પુત્રથી નવાઝવામાં આવ્યા.

હઝરત યૂનુસ علیہ السلامએ એક લાંબા કાળ સુધી પોતાની કૌમની સુધારણાની કોશિશ કરી, પણ કૌમ પોતાની નાપસંદીદા રવિશ પર અડેલી રહી અને સિરાતે મુસ્તકીમથી દૂર રહી. છેવટે જનાબ યૂનુસ علیہ السلامએ પોતાની કૌમથી નારાજ થઈને પોતાની દા'વતની ભૂમિને છોડીને કોઈ અન્ય ઈલાકાની તરફ જવાનો ફેંસલો કરી લીધો. આ ફેંસલો તેમનો પયગંબરાના ઈજતેહાદ હતો, જેમાં રબની મરજી સામેલ ન હતી. એટલા માટે કે કોઈ પયગંબરને એ ઈજાઝત ન હતી કે તે મુશ્કેલીઓ અને મુસીબતોથી તંગ આવીને પોતાની દા'વતની ભૂમિને જાતે પોતે ત્યજી દે. જેથી અંબિયાએ કિરામે જેટલી હિજરતો કરી છે તે અલ્લાહના હુકમ પછી કરી છે. ખુદ પયબંરે આ'ઝમ علیہ الصلوٰۃ والسلامએ સહાબીઓને હબ્શા તથા અન્ય જગાઓની તરફ હિજરતનો હુકમ આપ્યો અને ખુદ જુલ્મ સહન કરતા રહ્યા. પણ જ્યારે અલ્લાહનો હુકમ

થયો તો આપે મદીના તયબહની તરફ હિજરત કરી. હઝરત યૂનુસ عليه السلام એ રબના હુકમની રાહ જોયા વિના હિજરત કરી તો તેમને માછલીના પેટમાં આઝમાઈશ રૂપે ચાલીસ દિવસ પસાર કરવા પડયા અને દરમ્યાન તેમને પોતાના ઉતાવળમાં કરેલ ફેંસલાનો એહસાસ થયો તો ખુદાએ બુઝુર્ગો બરતરની બારગાહમાં આ શબ્દોમાં દુઆ કરતા રહ્યા :

لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ۝

"કોઈ મઅબૂદ નથી સિવાય તારા. પાકી છે તને, બેશક ! મારાથી અયોગ્ય થયું." *(સૂરએ અંબિયા, આ. ૮૭, કન્ઝુલ ઈમાન)*

આ દુઆ આજે દુઆએ યૂનુસના નામથી મશ્હૂર છે અને **આજે પણ એનો વિર્દ મુસીબતો તથા આપત્તિઓને દૂર કરી આપે છે.** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેમની દુઆ કૂબૂલ ફર્માવી અને તેમને માછલીએ દરિયાના કિનારે પેટમાંથી પાછા કાઢી નાખ્યા. જયારે પોતાની દા'વતની ભૂમિ પર પહોંચ્યા તો ત્યાં નક્શો જ બદલાય ચૂક્યો હતો. સર્વ ગુનેહગારો તથા પાપીઓ તૌબા કરીને મુત્તક઼ી તથા પરહેઝગાર બની ચૂક્યા હતા. કેમ કે જનાબ યૂનુસ عليه السلام ના ચાલ્યા ગયા બાદ તેમને એહસાસ થયો કે જ્યારે કોઈ નબી પોતાની દા'વતની ભૂમિને છોડી આપે છે તો તેની ક઼ૌમ પર અઝાબ આવે છે, આ ખયાલે તેમને તૌબાની તરફ વાળ્યા. કુર્આને અઝીમે તેમની તૌબાનો ઉલ્લેખ કર્યો છે કે કોઈ ક઼ૌમને તેની તૌબાએ એટલો ફાયદો નથી પહોંચાડયો જેટલો જનાબ યુનૂસની ક઼ોમને પહોંચ્યો.

જનાબ યૂનુસ عليه السلام ના વતન ત્યજવામાં એ મસ્લેહતે ખુદાવંદી પણ હતી કે એ રીતે તેમની ક઼ૌમ સામૂહિક તૌબા કરીને પોતાની સુધારણા

કરી લેશે અને **દુનિયાભરની ગુનેહગાર ક઼ૌમોને એ સબક઼ હાસલ થશે કે તેઓ પોતાના રબની બારગાહમાં સામૂહિક તૌબા તથા પોતાના હાલની સુધારણા કરીને પોતાની દુનિયા તથા આખેરત સંવારી લેશે.**

અહીં એ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે જ્યારે અલ્લાહ તઆલાની સુન્નતે જારિયહ એ રહી છે કે પયગંબરની હિજરતના પછી તેમની નાફર્માન ક઼ૌમ પર અઝાબ આવી જાય છે, તો સૈયદે આલમ ﷺની હિજરત પછી મક્કાવાળાઓ પર અઝાબ કેમ ન આવ્યો ? એનો જવાબ એ છે કે પયગંબરે આ'ઝમ ﷺએ દુઆ કરી હતી કે, હે મારા અલ્લાહ ! મારી ક઼ૌમ પર એ પ્રકારનો અઝાબ નાઝિલ કરજે જે રીતે આગલા અંબિયાઓની ક઼ૌમો પર અઝાબ નાઝિલ કર્યો હતો. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺની દુઆના જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો હતો :

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُوْنَ۔

"અને અલ્લાહનું કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ તમો તેમનામાં તશરીફ રાખો છો અને અલ્લાહ તેમને અઝાબ કરનાર નથી જ્યાં સુધી તેઓ બખ્શિશ માગી રહ્યા છે."

*(સૂરએ અન્ફાલ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

અલ્બત્ત પૂરી ક઼ૌમ પર તો અઝાબ ન આવ્યો પણ જેઓ જાલિમ હતા તેમને ગઝવએ બદરમાં મૌતથી મિલાવી દેવામાં આવ્યા. આ પણ એક પ્રકારનો અઝાબ હતો. ત્રીજુ કારણ એ હતું કે ઈલ્મે ઈલાહીમાં એ

વાત હતી કે ફતહે મક્કા પછી આખુ મક્કા ઈસ્લામમાં દાખલ થઈ જશે અને મક્કા મુકર્રમા દારુલ ઈસ્લામ બની જશે. અને ચોથુ કારણ એ હતું કે ખાતમુન્ નબીય્યીન ﷺ આખરી નબી છે, તેમના બાદ કોઈ અન્ય નબી આવશે નહીં, એટલા માટે એમની કૌમને કયામત સુધી દીને ઈસ્લામના પ્રચારને અન્ય કૌમો સુધી પહોંચાડવા માટે બાકી રાખવી જરૂરી હતી.

શું જનાબ યૂનુસ علیہ السلامની હિજરત, દુઆ તથા પછી કૌમની સુધારણાવાળી થવાની અને તેના પરિણામે ગાલિબ થવાના બનાવોથી મુસ્લિમ ઉમ્મતને એ સબક હાંસલ નથી થતો કે જો આજે પણ ઉમ્મતે મુસ્લિમા ખુદાની બારગાહમાં ઝુકી જાય, ગુનાહોથી તૌબા કરી લે તો તેને ફરીથી ગલબો (સરસાઈ) અને સત્તા નસીબ થશે. **ખુદા કરે કે કોરોનાના અઝાબના પરિણામ રૂપે પોતાના ઘરોમાં કૈદ થયેલા મુસલમાન એના પર વિચારણા કરે અને જ્યારે આ મુસીબતથી નજાત પામીને મસ્જિદોની તરફ પલ્ટે તો સંપૂર્ણ બદલાયેલા મુત્તકી તથા પરહેઝગાર હોય.** આ રીતે આ મુસીબતમાં પણ મુસ્લિમ ઉમ્મતના માટે ભલાઈનું પાસુ પણ છુપાયેલું છે.

કુર્આને અઝીમમાં મુસીબતો તથા કઠણાઈઓના માહોલમાં ખુદાએ બરતરની બારગાહમાં ઈખ્લાસની સાથે રુજૂઅ કરનારાઓ માટે આ કાયમની ખુશખબરી મૌજૂદ છે :

الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ ۙ قَالُوْٓا اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ۔ اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ وَاُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ۔

"કે જ્યારે તેમના પર કોઈ મુસીબત પડે તો કહે, અમે અલ્લાહના માલ છીએ અને અમારે તેની તરફ ફરવાનું. આ લોકો છે જેમના પર તેમના રબની દુરૂદો છે અને રહમત અને આ જ લોકો રાહ પર છે."

*(સૂ. બક઼રહ, આ. ૧૮૬–૧૮૭, કન્ઝુલ ઈમાન)*

કુર્આને અઝીમમાં તૌબાનો ઉલ્લેખ નેવુ સ્થળોએ છે. મસ્દરે ઈસ્તિગફાર પોતાના તમામ મુશ્તક઼ાતની સાથે ૨૦૦થી અધિક સ્થળોએ મૌજૂદ છે. કુર્આને અઝીમની એક સૂરતનું નામ સૂરએ તૌબા છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ન કેવળ એ કે તૌબા કરનારાઓના ગુનાહોને માફ કરી આપે છે બલ્કે તેમના આમાલનામામાં ગુનાહોને મિટાવીને નેકીઓ લખવાનો હુકમ આપે છે.

ઈર્શાદે બારી તઆલા છે :–

اِلَّا مَنۡ تَابَ وَ اٰمَنَ وَ عَمِلَ عَمَلًا صَالِحًا فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمۡ حَسَنٰتٍ وَكَانَ اللّٰهُ غَفُوۡرًا رَّحِيۡمًا۔

"પણ જે તૌબા કરે અને ઈમાન લાવે અને સારુ કામ કરે તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલી નાખશે. અને અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." *(સૂ. ફ઼ર્ક઼ાન, આ. ૭૦, કન્ઝુલ ઈમાન)*

એક જગાએ ઈર્શાદ ફર્માવે છે :

وَّاَنِ اسۡتَغۡفِرُوۡا رَبَّكُمۡ ثُمَّ تُوۡبُوۡۤا اِلَيۡهِ يُمَتِّعۡكُمۡ مَّتَاعًا حَسَنًا

"અને એ કે તમારા રબથી માફી માગો, પછી તેના તરફ તૌબા કરો, તમને ઘણો જ સારો વર્તાવ આપશે." *(સૂ. હૂદ, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

ઈર્શાદે ઈલાહી છે : يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا تُوۡبُوۡۤا اِلَى اللّٰهِ تَوۡبَةً نَّصُوۡحًا

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહની તરફ એવી તૌબા કરો જે આગળના માટે નસીહત થઈ જાય." *(સૂરએ તહરીમ, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

ખુદાએ સત્તાર વ ગફ્ફારનો ઈર્શાદ છે :

اِنَّمَا التَّوْبَةُ عَلَى اللّٰهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ يَتُوْبُ اللّٰهُ عَلَيْهِمْ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا۔

"તે તૌબા જેને કબૂલ કરવું અલ્લાહે પોતાના ફઝ્લથી લાઝિમ કરી લીધું છે તે એઓની છે જેઓ નાદાનીથી બુરાઈ કરી બેસે પછી થોડીવારમાં તૌબા કરી લે. એવાઓ પર અલ્લાહની રહમતથી રુજૂઅ કરે છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે."

*(સૂ. નિસાઅ, આ. ૧૭, કન્ઝુલ ઈમાન)*

رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِىْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ فَاٰمَنَّا ۖ رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ﴿۱۹۳﴾

"હે રબ અમારા ! અમે એક મુનાદીને સાંભળ્યો કે ઈમાનના માટે નિદા (પોકાર) કરે છે કે પોતાના રબ પર ઈમાન લાવો તો અમે ઈમાન લાવ્યા. હે અમારા રબ ! તું અમારા ગુનાહો બખ્શી દે અને અમારી બુરાઈઓ મિટાવી દે અને અમારું મૌત સારાઓની સાથે કર."

*(સૂ. આલે ઈમરાન, આ. ૧૯૩, કન્ઝુલ ઈમાન)*

وَلَقَدْ اَرْسَلْنَآ اِلٰٓى اُمَمٍ مِّنْ قَبْلِكَ فَاَخَذْنٰهُمْ بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ لَعَلَّهُمْ يَتَضَرَّعُوْنَ ﴿۴۲﴾

"અને બેશક ! અમે તમારાથી પહેલી ઉમ્મતની તરફ રસૂલ મોકલ્યા તો તેમને સખ્તી તથા તકલીફથી પકડયા કે તેઓ કોઈ

રીતે કરગરે." *(સૂ. અન્આમ, આ. ૪૨, કન્ઝુલ ઈમાન)*

وَ اِذَا جَآءَكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاٰيٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَيْكُمْ كَتَبَ رَبُّكُمْ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ۙ اَنَّهٗ مَنْ عَمِلَ مِنْكُمْ سُوْٓءًۢا بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنْۢ بَعْدِهٖ وَ اَصْلَحَ فَاَنَّهٗ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۵۴﴾

"અને જ્યારે તમારી સમક્ષ તેઓ હાજર થાય જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે તો તેમને ફર્માવો, તમારા પર સલામ, તમારા રબે પોતાના કરમના જિમ્મે રહમત લાઝિમ કરી લીધી છે કે તમારા જો કોઈ નાદાનીથી કાંઈક બુરાઈ કરી બેસે, પછી એના બાદ તૌબા કરે અને સંવરી જાય. તો બેશક ! અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અન્આમ, આ. ૫૪, કન્ઝુલ ઈમાન)*

સર્વ અંબિયાએ કિરામે મુસીબતો તથા પીડાઓના માહોલમાં અલ્લાહ તરફ રુજૂઅનો સહારો લીધો અને અલ્લાહે કામયાબ ફર્માવ્યા.

હઝરત શોએબ عليه السلامની દુઆ :

رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَ بَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَ اَنْتَ خَيْرُ الْفٰتِحِيْنَ ﴿۸۹﴾

"હે રબ અમારા ! અમારામાં તથા અમારી કૌમમાં હક્ક ફેંસલો કર અને તારો ફેંસલો સૌથી બેહતર."

*(સૂ. અઅ્રાફ, આ. ૮૯, કન્ઝુલ ઈમાન)*

હઝરત મૂસા عليه السلامનું ફર્માન છે :

قَالَ مُوْسٰى لِقَوْمِهِ اسْتَعِيْنُوْا بِاللّٰهِ وَ اصْبِرُوْا ۚ اِنَّ الْاَرْضَ لِلّٰهِ ۙ يُوْرِثُهَا مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَ الْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ﴿۱۲۸﴾

"મૂસાએ પોતાની કૌમને ફર્માવ્યું, અલ્લાહની મદદ ચાહો અને સબ્ર કરો. બેશક ! જમીનનો માલિક અલ્લાહ છે, પોતાના બંદાઓમાં જેને ચાહે વારસ બનાવે, અને છેવટે મેદાન પરહેઝગારોના હાથમાં છે." *(સૂ. અઅરાફ, આ. ૧૨૮, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ પાક પોતાના હબીબ ﷺને તસલ્લી આપતાં ફર્માવે છે :

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُوْنَ.

"અને અલ્લાહનું કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ ! તમે એમનામાં તશરીફ ફર્મા છો, અને અલ્લાહ તેમને અઝાબ કરનાર નથી, જ્યાં સુધી તેઓ બખ્શિશ માગી રહ્યા છે."

*(સૂ. અન્ફાલ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

## તૌબાના બારામાં મુબારક હદીષો

તૌબા તથા ઈસ્તિગફારના હવાલાથી ખૂબ જ અધિક પ્રમાણમાં મુબારક હદીષો હદીષની કિતાબોમાં મૌજૂદ છે. એમાંથી અમુક હદીષો વાંચકોને ભેટ ધરીએ છીએ :

આકાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત બંદાની તૌબા ત્યાં સુધી કબૂલ ફર્માવે છે જ્યાં સુધી તેને નઝઅનો આલમ (સકરાત) ન છવાય જાય. હદીષના શબ્દો છે :

"إن الله يقبل توبة العبد مالم يغرغر". એટલે કે તેને જ્યાં સુધી મૌતની હિચકી ન આવવા લાગે. *(તિર્મિઝી શરીફ, કિતાબુદ્દાઅવાત)*

ખુદાએ રહમાનો રહીમ પોતાના બંદાઓ પર અનહદ

મહેરબાન છે. બંદો જિંદગીભર ગુનાહોમાં સપડાયેલ રહે છે, પણ જ્યારે તેને ગુનાહોનો એહસાસ થઈ જાય અને સાચા દિલથી તૌબા કરી લે તો મઅબૂદે હકીકી તેને માફ કરી આપે છે. પરંતું એનો એ મતલબ નથી કે બંદો રબની રહમતની વિશાળતાને જોઈને ગુનાહો પર ગુનાહ કર્યે જ જાય. મગફિરતની ઉમ્મીદના સહારે ગુનાહ કરવા ગુનાહોના અઝાબને ખૂબ જ અધિક વધારી દે છે, બલ્કે ભય એ હોય છે કે એવા બંદાના માટે તૌબાની કબૂલિયતના સર્વ દરવાજા બંધ કરી દેવામાં આવે ! કોઈ ગુમરાહ શાઈરે (મઆઝલ્લાહ !) આ વાત ઘણી દિલેરી પૂર્વક કહી હતી :

*ખુદા યહ હશ્રમેં પૂછેગા પારસાઓંસે*
*ગુનાહ ક્યું ન કિયા ? ક્યા ખુદા રહીમ ન થા !*

વળી કોઈ ગુનેહગારને એ કેવી રીતે માલૂમ થશે કે તેનું મૌત ક્યારે આવશે ? એટલા માટે તૌબામાં જેટલા પ્રમાણમાં જલ્દી કરવામાં આવે એટલા પ્રમાણમાં નજાતની અધિક ઉમ્મીદ છે. અમુક હદીષોનો ભાવાર્થ છે કે કયામત સુધી તૌબાનો દરવાજો ખુલ્લો રહેશે, પણ એક બંદાના માટે કયામતનો દિવસ તો તેની મૌતનો જ દિવસ છે. એટલા માટે કે મૌતના પછી તેની આંખ તો કયામતના દિવસે જ ખુલશે.

એક હદીષમાં છે : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાનો દસ્તે કુદરત રાતે લાંબો કરે છે કે જેથી દિવસના ગુનેહગારોને બખ્શી આપે, અને દિવસે ફેલાવે છે જેથી રાતના ગુનેહગારને માફ ફર્માવી આપે. અને આ અનહદ કરમ ત્યાં સુધી થતો રહેશે જ્યાં સુધી સૂરજ મગરિબથી ન નીકળી જાય, એટલે કયામત ન રચાય જાય. *(રિયાઝુસ્સાલિહીન)*

કુર્આને અઝીમમાં રબ્બુલ ઈઝ્ઝતે વિવિધ સ્થળોએ પોતાની જાતના બારામાં ઈર્શાદ ફર્માવ્યો :

إِنَّهُ هُوَ التَّوَّابُ الرَّحِيمُ "બેશક ! તે જ છે ઘણો જ તૌબા કબૂલ કરનારો મહેરબાન." *(સૂ. બક્રહ, ૨/૩૭)*

وَأَنَا التَّوَّابُ الرَّحِيمُ "અને હું જ મોટો તૌબા કબૂલ કરનારો મહેરબાન." *(સૂ. બક્રહ, ૨/૧૬૦)*

إِنَّ اللَّهَ يُحِبُّ التَّوَّابِينَ وَيُحِبُّ الْمُتَطَهِّرِينَ "બેશક ! અલ્લાહ પસંદ કરે છે ખૂબ જ તૌબા કરનારાઓને, અને પસંદ રાખે છે સુથરાઓનો."

*(સૂ. બક્રહ, ૨/૨૨૨)*

સૈયદુલ મઅસૂમીન સૈયદના રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : يا أيها الناس توبوا إلى الله فإني أتوب في اليوم إليه مائة مرة "હે લોકો ! અલ્લાહની હુઝૂરમાં તૌબા તથા ઈસ્તિગફાર કરો, એટલા માટે કે હું પોતે દરરોજ સો વાર ખુદાની હુઝૂર તૌબા કરું છું." *(રવાહ મુસ્લિમ)*

વિચાર કરો ! હુઝૂર ﷺ સૈયદુલ અમસૂમીન છે ! પણ તેમ છતાં પણ અલ્લાહ સમક્ષ તૌબા કરે છે જેથી મુસ્લિમ ઉમ્મત નબી કરીમ ﷺની સુન્નત પર અમલ કરીને પોતાના ગુનાહોથી પાક સાફ થઈ જાય.

હદીષે કુદસીમાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો, હે ઈબ્ને આદમ ! જ્યારે તમે મારાથી મગફિરતની ઉમ્મીદની સાથે દુઆ કરશો તો હું તમારા સર્વ ગુનાહોને માફ કરીશ અને હું બેનિયાઝ છું.

હે ઈબ્ને આદમ ! જો તમારા ગુનાહો આસ્માનની ઊંચાઈઓ

સુધી પહોંચી જાય અને તમે છતાંય મારાથી મગફિરત તલબ કરો તો હું તમારા સર્વ ગુનાહોને માફ કરી આપીશ.

હે ઈબ્ને આદમ ! જો તમે જમીનની વિશાળતાઓના બરાબર ગુનાહો કરીને મારી બારગાહમાં હાજર થશો તો હું જમીનની વિશાળતાઓના બરાબર તમને મગફિરતથી નવાઝી દઈશ, એ શર્ત કે તમે મારી સાથે કોઈને શરીક ન ઠરાવ્યો હોય.

આક઼ાએ દો જહાં صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

التائب من الذنب کمن لا ذنب له۔ અઝાબે ઈલાહીના રૂપમાં જો કોઈ ક઼ૌમ પર વબાઓ તથા મુસીબતોનું ઉતરાણ થાય છે તો જે મુજરિમ છે તેમના માટે સજા છે અને જેઓ મુજરિમ નથી તેમનો હશ્ર તેમની નિય્યતોના મુજબ થશે.

જેમ કે બુખારી શરીફમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે : હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, એક લશ્કર કા'બા શરીફ પર હુમ્લાની નિય્યતથી રવાના થશે. પરંતુ જ્યારે તે એક સપાટ મેદાન (બયદાઅ)માં પહોંચશે તો તેના અવ્વલ તથા આખિરને ધસાવી દેવામાં આવશે. ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તે સૌને કેવી રીતે ધસાવી દેવામાં આવશે, જ્યારે કે તેમાં અમુક લોકો કારોબાર કરવાવાળા અને અમુક લોકો મજબૂરીના માર્યા શરીક થશે ?! તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, સૌને ધસાવી દેવામાં આવશે, પછી તેમની નિય્યતોના પ્રમાણે તેમનો હશ્ર થશે.

મો'મિનના માટે બલાઓ અને મુસીબતો દરજાઓમાં વૃધ્ધિનો

ઝરીયો છે. જેમ કે ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ હદીષ નક઼લ કરી છે કે : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ સૈયદે આલમ ﷺને પ્લેગના બારામાં સવાલ કર્યો તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, આ અલ્લાહનો અઝાબ છે, જેના પર અલ્લાહ ચાહે છે નાઝિલ કરે છે. અલ્લાહ તેને મોમિનના માટે રહમત બનાવી દે છે. તો જ્યારે કોઈ મો'મિન પ્લેગમાં સપડાયેલ હોય છે અને પોતાના શહેરમાં સબ્રની સાથે સવાબની નિય્યતથી રહે છે, એ યક઼ીનની સાથે કે તેને તે જ પહોંચશે જે અલ્લાહે લખી આપ્યું છે તો તેને એક શહીદનો સવાબ મળશે. જ્યારે કોઈ વ્યક્તિ કે ક઼ૌમ અથવા ખાનદાનને મુસીબત તથા આઝમાઈશથી ભેટો કરાવવામાં આવે છે તો ન કેવળ એ કે મુસીબતમાં સપડાનાર સવાબનો મુસ્તહિક઼ બને છે બલ્કે જે લોકો સબ્ર કરે છે, તેમના માટે પણ જન્નતનો વાયદો કરવામાં આવે છે.

જેમ કે હદીષે કુદસીમાં રહમતે આલમ ﷺએ રબ્બુલ આલમીન ﷻથી રિવાયત કરી કે અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે કે **જ્યારે હું બંદાએ મો'મિનની કોઈ પ્રિય ચીજ ક઼બ્ઝ કરી લઉં તો પછી તે એના પર સબ્ર કરી લે તો તેનો બદલો જન્નતથી કમ નથી.**

મુસલમાનોને જ્યારે કોઈ તકલીફ પહોંચે છે તો તેના બદલામાં તેમના ગુનાહ માફ થાય છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે મુસલમાનને કોઈ પ્રકારનો થાક, બીમારી, ગમ, ત્યાં સુધી કે જો કોઈ કાંટો પણ વાગે તો તેના ઝરીયાથી તેના અમુક ગુનાહોને માફ કરી દેવામાં આવે છે.

*(મુત્તફિક઼ અલૈહ)*

સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે **અમુક મો'મિન તથા મો'મિનાની જાન, માલ તથા ઔલાદ પર મુસીબતો નાઝિલ થતી રહે છે, ત્યાં સુધી કે જ્યારે તે અલ્લાહથી મુલાકાત કરે છે તો તેના નામએ આમાલમાં કોઈ ગુનોહ નથી રહી જતો.** *(તિર્મિઝી)*

મુસ્લિમ શરીફની એક રિવાયતમાં આક઼ાએ દો જહાં ﷺનું ફર્માન મુબારક વર્ણન થયેલ છે :

عَجَبًا لأَمْرِ الْمُؤْمِنِ إِنَّ أَمْرَهُ كُلَّهُ لَهُ خَيْرٌ، وَلَيْسَ ذٰلِكَ لأَحَدٍ إِلاَّ لِلْمُؤْمِنِ: إِنْ أَصَابَتْهُ سَرَّاءُ شَكَرَ فَكَانَ خَيْرًا لَّهُ، وَإِنْ أَصَابَتْهُ ضَرَّاءُ صَبَرَ فَكَانَ خَيْرًا لَّهُ۔

''મો'મિનનું દરેક કામ ઘણુ જ સારું છે. જ્યારે તેને ખુશી મયસ્સર થાય છે તો શુક્ર કરે છે તો તેના માટે ખૈર, અને જ્યારે કોઈ તકલીફ પહોંચે છે તો તે સબ્ર કરે છે અને એ પણ તેના માટે ખૈર છે.''

શફીઉલ મુઝનબીન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

كُلُّ بَنِيْ آدَمَ خَطَّاءٌ, وخَيْرُ الْخَطَّائِيْنَ التَّوَّابُوْنَ ''દરેક માણસ ખતાકાર છે, અને બેહતરીન ખતાકાર તૌબા કરનાર છે.'' *(રવાહુત્તિર્મિઝી)*

આ રહમતે આલમ ﷺની રહમતે બેપાયા છે કે ખતાકારને ખૈરના લક઼બથી નવાઝી રહ્યા છે.

*કયા હી ઝૌક઼ અફઝા શફાઅત હૈ તુમ્હારી વાહ વાહ*
*ક઼ર્ઝ લેતી હૈ ગુનાહ પરહેઝગારી વાહ વાહ*

દુનિયાના વિવિધ ધર્મોએ ગુનાહોની બખ્શિશ તથા નજાતના માટે વિવિધ ક઼ાયદા ઘડયા છે, ખાસ કરીને ઈસાઈયતે માણસને પેદાઈશી

ગુનેહગાર ઠરાવ્યો છે, અને તેણે એ અક઼ીદો ઘડયો છે કે હઝરત આદમ અને હઝરત હવ્વા عليهما السلامથી જન્નતમાં ગુનોહ થઈ ગયો હતો એટલા માટે સર્વ આદમની ઔલાદમાં તેમનો ગુનોહ વારસારૂપે મુન્તક઼િલ થઈ રહ્યો છે. દરેક માનવી પેદાઈશી ગુનેહગાર છે, એટલા માટે જ્યાં સુધી તે પેદાઈશ બાદ બપ્તિસ્મ (Baptism)ના અમલથી પસાર ન થાય અને ચર્ચમાં સલીબે મસીહ અને પાદરીની સામે ગુનાહનો સ્વીકાર કરીને તેનાથી પોતાના ગુનાહોને ન બખ્શાવે તો તે જન્નતનો મુસ્તહિક઼ નથી. આ ઈસાઈઓનો એ પણ અક઼ીદો છે કે હઝરત ઈસા عليه السلامને એટલા માટે આ સૂળી આપવામાં આવી હતી કે તે આદમની ઔલાદના ગુનાહોનો કફ્ફારો બની જાય.

ઈસ્લામમાં હઝરત આદમ عليه السلامની લગઝિશ એ ગુનાહની જેમ નથી જે માનવ જાતની થતો રહે છે. તે તો એક મસ્લહતે ખુદાવંદી હતી જેના સબબે આ દુનિયા આબાદ થઈ. દુનિયાની એ રોનકો એ જ આદમ عليه السلامની ખતાનુ હસીનતરીન પરિણામ છે.

*હમ હૂએ તુમ હૂએ કે મીર હૂએ–ઉન્હીં ઝુલ્ફોં કે સબ અમીર હુએ*

ગુનાહોના પરિણામે હમેશાં અઝાબ આવે છે, આબાદીઓ તબાહ થાય છે, પણ આ કેવો ગુનાહે આદમ છે કે જ્યાં રંગો બૂની સર્વ ખૂબીઓ એનું જ પરિણામ છે. પ્રથમ તો આપણે મસીહની ન ક્રોસ (સલીબ)ને માનનારા છીએ અને ન તો કફ્ફારાની માન્યતાને. એટલા માટે કે આ રીતના ગુમાન કરેલા અક઼ીદા ન કેવળ એ કે એની કોઈ સાબિતી અહદનામા કદીમમાં છે અને ન તો અહદનામા જદીદમાં છે. એટલે ન

તૌરાતમાં છે ન ઈન્જીલમાં છે અને ન તો ઝબૂરમાં છે. તેનાથી ઉલ્ટુ **કુર્આને અઝીમ હઝરત ઈસા عليه السلام ને આસ્માન પર ઝિંદા ઉઠાવી લેવામાં આવવાનુ ક઼ાઈલ છે.** આ કેટલા પ્રમાણમાં સ્વીકારને અપાત્ર અક઼ીદો છે કે ગુનોહ (ઈજતેહાદી ખતા) માનવ પિતા સૈયદના આદમ عليه السلامથી હજારો વરસો પહેલાં સરઝદ થયો અને સજા ક઼યામતની સવાર સુધી એમની ઔલાદને આપવામાં આવે ?! જ્યારે કે કુર્આન અઝીમનો ઈર્શાદ છે : وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰی "કોઈ પણ નફસ (જીવ) કોઈ અન્યના ગુનાહનો બોજ ઉઠાવશે નહીં." (સૂ. ફાતિર, આ. ૧૮) કુર્આને પાકનું આ ફર્માન હક઼ીક઼ી અદ્લની અયન મુતાબિક઼ છે.

આશ્ચર્યની વાત એ છે કે ઈસાઈ એક તરફ તો **હઝરત ઈસા عليه السلامને મસ્લૂબ (સૂળીએ ચઢાવાયેલા) માને છે અને બીજી બાજુ તેમને ખુદા પણ માને છે !** તેઓ التثليث في الوحدة તથા الوحدة في التثليثના માનવાવાળા છે. તેઓ અક઼ાનિમે ષલાષા, રૂહુલ કુદ્સ અને ઈસાને એક પણ માને છે અને ત્રણ પણ માને છે. શું દુનિયાનો કોઈ હોશવાળો માણસ આ માન્યતાને સ્વીકારી શકે છે કે ત્રણ એક છે અને એક ત્રણ છે ! શું ગણિતશાસ્ત્રની ગણત્રી એનું સમર્થન કરશે ? જો હઝરત ઈસા عليه السلام ખુદા હતા તો પછી સૂળીએ ચઢીને ખુદ જ સજા પામનાર પણ હતા અને પોતે જ સજા આપનાર પણ ! વળી એ કેવા મજબૂર ખુદા છે કે યહૂદી બાદશાહ તેમને ખૂબ જ લાચારીની હાલતમાં કાંટાનો તાજ પહેરાવીને સૂળીએ ચઢાવી દે છે ?! **અસલમાં તેમણે આ અક઼ીદો બૂલસ શમ્સાતી (સેંટ પોલ)ની તજવીઝના પ્રમાણે ઘડી લીધો છે જેથી કરીને દુનિયાનો દરેક માનવી**

**નજાત હાંસલ કરવા માટે ઈસાઈયત કૂબૂલ કરી લે.** ઈસાઈઓએ મુસલમાનોને ગુમરાહ કરવા માટે પોતાનાં સાહિત્યો, મીડિયા, મિશનરીઓ તથા અન્ય માધ્યમોથી એ પ્રોપેગન્ડો કરવાનો શરૂ કરી આપ્યો છે કે ઈસ્લામમાં નજાતનો કોઈ ખયાલ નથી. એટલા માટે કે કુર્આનનું ફર્માન છેઃ

فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ ۔ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ

"તે જે એક રજ માત્ર ભલાઈ કરે તેને જોશે અને જે એક રજ માત્ર બુરાઈ કરે તેને જોશે." *(સૂ. ઝિલઝાલ, આ. ૭, ૮ કન્ઝુલ ઈમાન)*

મુસલમાન નવજુવાન કેમ કે દીની ઈલ્મોથી નાવાકેફ અને કુર્આન તથા હદીષની તાલીમાતથી અજાણ છે એટલા માટે તેઓ આ પ્રકારના પ્રોપેગંડાઓથી પ્રભાવિત થઈને ક્યાં તો ઈસ્લામના બારામાં શંકાઓના શિકાર થઈ જાય છે અથવા તો પછી ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવાનો) માર્ગ અપનાવી લે છે. જરૂરત એ વાતની છે કે ઈસ્લામના મગફેરત તથા નજાતના અકીદાને કુર્આન તથા હદીષની રોશનીમાં આમ કહેવામાં આવે અને એને સ્પષ્ટ કરવામાં આવે કે નજાત કેવળ ઈસ્લામના જ દામનમાં છે, ન કે ઈસાઈયતના ગુમાન કરેલા નજાતના અકીદામાં. ઈસ્લામમાં જો કોઈનાથી ગુનોહ થઈ જાય તો તેણે કોઈ માણસની સમક્ષ ગુનાહનો સ્વીકાર કરવાની જરૂરત નથી. ઈસ્લામ ગુનેહગારોને પણ કોઈની સામે બેઈજ્જત કરવા નથી ચાહતો. આકાએ દો જહાં ﷺનું ફર્માન છે કે જે બંદો કોઈ અન્ય બંદાના અયબ પર પર્દો નાખશે તો અલ્લાહ તઆલા તેની પર્દાપોશી કરશે. એટલા માટે ઈસ્લામમાં નજાતના નીચે પ્રમાણોના દરવાજા ખુલ્લા છે :

૦૧. તે ગુનાહોથી સાચી તૌબા કરીને બાકીની જિંદગીમાં ગુનાહોથી બચે.

૦૨. ગુનાહોના એહસાસ પછી તે ખૂબ જ અધિક પ્રમાણમાં નેક અમલો કરે. અલ્લાહનું ફર્માન છે : اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ "બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે."

*(સૂ. હૂદ, આ. ૧૧૪, કન્ઝુલ ઈમાન)*

૦૩. શફીઉલ મુઝનબીન ﷺથી શફાઅતનો તલબગાર બને અને તેને તેમની શફાઅત નસીબ થઈ જાય.

૦૪. કયામતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેને પોતાના ફઝ્લો કરમથી માફ કરી આપે.

જો કોઈ બદનસીબ નજાત તથા મગફેરતના આ સર્વ દરવાજાઓ પરથી ફાયદો ન ઉઠાવી શક્યો તો પછી તેણે ગુનાહોથી સજા ભોગવવી પડશે.

અભ્યાસ હેઠળની કિતાબમાં એના અનુસંધાનમાં કુર્આન તથા હદીષના અનેક હવાલાઓ મૌજૂદ છે. નજાતના માટે એ પૂરતુ છે કે બંદો ખરેખર શર્મિંદગીના એહસાસ સાથે પોતાના હકીકી મઅબૂદની બારગાહમાં ઝુકી જાય અને શર્મિંદગીનાં આંસૂઓની સાથે તૌબા કરી લે તો ખુદાએ સત્તાર તથા ગફ્ફાર તેને જરૂર માફ કરી આપશે.

*મોતી સમઝકર શાને કરીમીને ચુને લિયે*
*કતરે જો થે મેરે અર્કે ઈન્ફઆલ કે*

અલ્લાહની બારગાહમાં દુઆ છે કે મેહશરના મેદાનમાં પોતાના અનહદ કરમ વડે આપણને સૌને શફીઉલ મુઝનબીન ﷺની શફાઅતથી નવાઝે અને આપણા સૌની મગફિરત ફર્માવી આપે. આમીન બિજાહિ હબીબિહી સૈયદિલ મુરસલીન ﷺ.

## બેનઝીર (અજોડ) અમલ

લખાણના અંતમાં હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان નો સંપાદિત "બેનઝીર અમલ" વાંચકોની સેવામાં રજૂ કરીએ છીએ. આ દુઆ દરેક પ્રકારની આફત તથા બલાથી મેહફૂઝ રહેવા માટે અકસીરનો દરજો ધરાવે છે. ઉમ્મીદ છે કે વાંચકો એને જરૂર અમલમાં મૂકશે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(અવ્વલ તથા આખિરમાં ૩–૩ વાર દુરૂદ શરીફ પઢે)

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا دَافِعَ الْبَلَاءِ وَالْوَبَآءِ وَالْقَحْطِ وَالْمَرَضِ وَالْاَلَمِ بِاِذْنِ اللهِ ٥ وَعَلٰى اٰلِكَ وَاَصْحَابِكَ يَا مُحَلِّلُ بِاِذْنِ اللهِ ٥

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ رَبَّ السَّمٰوٰتِ وَرَبَّ الْعَرْشِ الْعَظِيْمِ ٥ كُنْ لِّيْ جَارًا مِّنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ٥ وَشَرِّ الْجِنِّ وَالْاِنْسِ وَاَتْبَاعِهِمْ اَنْ يُّغِيْرَ عَلَيْنَا اَحَدٌ مِّنْهُمْ وَ يُطْغِيَنِيْ عَزَّ جَارُكَ وَجَلَّ ثَنَآءُكَ وَلَآ اِلٰهَ غَيْرُكَ لَآ اِلٰهَ اِلَّا اللهُ الْحَلِيْمُ الْكَرِيْمُ ٥ سُبْحَانَ رَبِّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ٥ لَا اِلٰهَ اِلَّا اَنْتَ عَزَّ جَارُكَ وَجَلَّ ثَنَآءُكَ وَلَآ اِلٰهَ غَيْرُكَ ٥ بِسْمِ اللهِ عَلٰى نَفْسِيْ بِسْمِ اللهِ عَلٰى دِيْنِيْ ٥ بِسْمِ اللهِ عَلٰى اَهْلِيْ وَمَالِيْ وَوُلْدِيْ ٥ بِسْمِ اللهِ عَلٰى مَا اَعْطَانِيْ بِسْمِ اللهِ عَلٰى جَمِيْعِ اَهْلِ السُّنَّةِ ٥ اَللهُ رَبِّيْ لَا اُشْرِكُ بِهٖ شَيْئًا ٥ اَللهُ اَكْبَرُ اَللهُ

اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَاَعَزُّ وَاَجَلُّ وَاَعْظَمُ مِمَّا اَخَافُ وَاَحْذَرُ عَزَّجَارُكَ وَجَلَّ ثَنَآؤُكَ وَلَااِلٰهَ غَيْرُكَ ٥ اَللّٰهُمَّ اِنِّيْ اَعُوْذُبِكَ مِنْ شَرِّ نَفْسِيْ وَمِنْ شَرِّ شَيْطَانٍ مَّرِيْدٍ وَّمِنْ شَرِّ كُلِّ جَبَّارٍ عَنِيْدٍ ٥ فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ لَآاِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ٥ اِنَّ وَلِيِّيَ اللّٰهُ الَّذِيْ نَزَّلَ الْكِتٰبَ وَهُوَ يَتَوَلَّى الصّٰلِحِيْنَ فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّاهُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، تَوَكَّلْتُ عَلَى اللّٰهِ وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

بِسْمِ اللّٰهِ بَابُنَا ٥ تَبَارَكَ اللّٰهُ حِيْطَانُنَا ٥ يٰسٓ سَقْفُنَا ٥ حٰمٓ عٓسٓقٓ حِمَايَتُنَا ٥ كٓهٰيٰعٓصٓ كِفَايَتُنَا ٥ فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ٥ سِتْرُ الْعَرْشِ مَسْبُوْلٌ عَلَيْنَا وَكَلِمَاتُ اللّٰهِ اَقْفَالٌ عَلَيْنَا ٥ وَعَيْنُ اللّٰهِ نَاظِرَةٌ اِلَيْنَا ٥ وَبِحَوْلِ اللّٰهِ لَايَقْدِرُ اَحَدٌ عَلَيْنَا ٥ وَاللّٰهُ مِنْ وَّرَآئِهِمْ مُّحِيْطٌ ٥ بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌ فِيْ لَوْحٍ مَّحْفُوْظٍ ٥ اِنْ كُلُّ نَفْسٍ لَّمَّا عَلَيْهَا حَافِظٌ ٥ لَآاِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ ٥ وَ جَعَلْنَا مِنْ بَيْنِ اَيْدِيْهِمْ سَدًّا وَّ مِنْ خَلْفِهِمْ سَدًّا فَاَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ ٥ صُمٌّۢ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَرْجِعُوْنَ ٥ هٰذَا يَوْمُ لَا يَنْطِقُوْنَ ٥ يٰمَعْشَرَ الْجِنِّ وَ الْاِنْسِ اِنِ اسْتَطَعْتُمْ اَنْ تَنْفُذُوْا مِنْ اَقْطَارِ السَّمٰوٰتِ وَ الْاَرْضِ فَانْفُذُوْا لَا تَنْفُذُوْنَ اِلَّا بِسُلْطٰنٍ ٥ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا

تُكَذِّبٰنِ ٥ اَفَحَسِبْتُمْ اَنَّمَا خَلَقْنٰكُمْ عَبَثًا وَّ اَنَّكُمْ اِلَيْنَا لَا تُرْجَعُوْنَ ٥ كٓهٰيٰعٓصٓ حٰمٓ عٓسٓقٓ قُلْ مَنْ يَّكْلَؤُكُمْ بِاللَّيْلِ وَالنَّهَارِ مِنْ شَرِّ كُلِّ حَاسِدٍ وَّحَاقِدٍ وَّسَارِقٍ وَّطَارِقٍ وَّحَيَّةٍ وَّمَيْتَةٍ وَّعَقْرَبٍ وَّاَسَدٍ وَّفِيْلٍ وَّذِئْبٍ وَّكَلْبٍ۔

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ٥ اَللّٰهُ الصَّمَدُ ٥ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ٥ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ٥ (سورۂ اخلاص سات مرتبہ) مُحِيْطٌ عَلٰى كُلِّ شَيْءٍ مَّا شَاءَ اللّٰهُ كَانَ وَمَا لَمْ يَشَاْ لَمْ يَكُنْ ٥ اَللّٰهُمَّ هُوَ الْحَافِظُ ٥ اَللّٰهُمَّ هُوَ الْغَافِرُ ٥ اَللّٰهُمَّ هُوَ الشَّافِيْ ٥ اَللّٰهُمَّ هُوَ الْوَافِيْ ٥ اَللّٰهُمَّ هُوَ الْكَافِيْ ٥ اَللّٰهُمَّ هُوَ الْمَجِيْدُ ٥ اَللّٰهُمَّ هُوَ الْاَحَدُ ٥ اَللّٰهُمَّ هُوَ الصَّمَدُ ٥ اَللّٰهُمَّ يَا وَلِيَّ الْوَلَاءِ وَيَا كَاشِفَ الضُّرِّ وَالْبَلَاءِ وَيَا سَامِعَ الدُّعَاءِ رُدَّ عَنِّيْ الْبَلَاءَ وَالْوَبَاءَ وَالْجَلَاءَ وَالْفَجَاءَ بِحُرْمَةِ النَّبِيِّ الْمُصْطَفٰى صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ٥ اَللّٰهُمَّ احْفَظْ مِنْ جَمِيْعِ اَعْدَائِنَا اَللّٰهُمَّ احْفَظْ مِنْ جَمِيْعِ بَلَائِنَا اَللّٰهُمَّ يَا شَافِيْ يَا كَافِيْ يَا مُعَافِيْ يَا دَافِعُ يَا رَافِعُ يَا وَاحِدُ يَا اَحَدُ يَا صَمَدُ يَا فَرْدُ يَا وِتْرُ يَا لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ٥ يَا قُدُّوْسُ يَا سَلَامُ وَ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِيْنَ ٥ اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ نَّبِيِّكَ الْمُصْطَفٰى وَحَبِيْبِكَ

الْمُجْتَبٰی وَرَسُوْلِكَ الْمُرْتَضٰی وَاٰلِهٖ وَاَصْحَابِهٖ وَذُرِّیَّاتِهٖ وَاَهْلِ بَیْتِهٖ وَاَزْوَاجِهٖ
تَسْلِیْمًا كَثِیْرًا كَثِیْرًا۰ بِرَحْمَتِكَ یَا اَرْحَمَ الرَّاحِمِیْنَ۰ وَیَا حَیُّ وَیَا قَیُّوْمُ وَیَا فَرْدُ وَیَا
حَكَمُ وَیَا عَدْلُ وَیَا قُدُّوْسُ وَیَا وَدُوْدُ وَیَا هَادِیُ وَیَا اَكْرَمَ الْاَكْرَمِیْنَ ۔ اٰمِیْن۔

આ દુઆ દરરોજ સવાર સાંજ પઢે. દુઆ અને નીચે દર્શાવેલ તાવીઝ ગળામાં રાખે અથવા હાથ પર બાંધે. દરેક કામ તથા મકસદના માટે અજમાવવામાં આવેલ અને આફત તથા પરેશાનીને દૂર કરવા તથા હિફાઝતના માટે મજર્રબ છે. ઘરના દરેક શખ્સને લખીને પહેરાવો, ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

સવારથી મુરાદ અડધી રાત ઢળવાથી તુલૂઅ આફતાબ સુધી અને સાંજથી મુરાદ ઝવાલથી ગુરૂબ આફતાબ સુધી છે.

| | | | |
|---|---|---|---|
| ۳۹۲ | ۹۹۱ | ۹۹۶ | ۱۳۰ |
| ۹۹۵ | سلام | شافی | ۹۹۲ |
| ۱۳۲ | حفیظ | حافظ | ۳۹۰ |
| ۹۹۰ | ۳۸۹ | ۱۳۳ | ۹۹۷ |

یَاوَكِیْلُ، یَارَقِیْبُ، یَاسَلَامُ، یَاكَبِیْرُ، یَامُحِیْطُ، اِنَّ رَبِّیْ عَلٰی كُلِّ شَیْءٍ حَفِیْظٌ،
فَاللّٰهُ خَیْرٌ حٰفِظًا ۔ وَّهُوَ اَرْحَمُ الرّٰحِمِیْنَ، اِنْ كُلُّ نَفْسٍ لَّمَّا عَلَیْهَا حَافِظٌ ۔

**ગુનેહગાર : *મુહમ્મદ ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી***

*(૨૦–શાબાનુલ મોઅઝ્ઝમ, હિ. ૧૪૪૧)*